### મેઘરજના વાઘપુર-વૈડી વચ્ચે બનતા બ્રિજને લીધે આપેલ ડાયવર્જન પણ ધોવાતાં

# ૨૦ ગામના ગ્રામજનોને ભારે હાલાકી



અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના વાઘપુર-વૈડી ગામ વચ્ચે વાઘપુર નજીકથી પસાર થતી નદી પર બ્રિજ બનાવવાનું કામ ત્રણ મહિનાથી મંથરગતિએ ચાલી રહ્યું છે. નવનિર્માણ બ્રિજના પગલે બનાવેલ ડાયવર્જન તાજેતરમાં વરસેલા ધોધમાર વરસાદથી ધોવાતાં જવાબદાર તંત્ર અને કોન્ટ્રાક્ટર દ્વારા ડાયવર્જનનું સમારકામ ટલ્લે ચઢાવતા મેઘરજથી પાલ્લા ગામ તરફનો વાહન વ્યવહાર ખોરવાતા પ્રજાજનો અને વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે વાહનચાલકો અને શાળાના વિદ્યાર્થીઓ તૂટેલા ડાયવર્જન પરથી જીવન જોખમે પસાર થવું પડતું હોવાથી જવાબદાર તંત્ર દ્વારા ડાયવર્જન યુદ્ધના ધોરણે રીપેર કરવાની કામગીરી હાથધરવામાં આવેની માંગ કરી હતી

### ગાંધીજીની એકસો પચાસમી જન્મજયંતિ નિમિત્તે

# અરવલ્લીની મોડાસા સબ જેલમાં વ્યસનમુક્તિનો કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા.૨૯

જાયન્ટ્સ મોડાસા સહયોગથી અરવલ્લી જિલ્લા મોડાસા ખાતે સબ જેલમાં વ્યસન મુક્તિ કાર્યક્રમ દેવરાજ ધામના મહંત ધનગીરી. જાયન્ટસ પીપલ્સ ઉપપ્રમુખ જીવદયા પ્રેમી નીલેશ જોષી, જાયન્સ માલપુર સુરેન્દ્રસિંહ રાઠોડ જાયન્ટ્સ મંત્રી, અમિત કવિ જેલર બી. જી. વણકર અને એકસો સિત્તેર કેદીઓને વ્યસન મુક્તિ માટે અને સમાજના મુખ્ય પ્રવાહ સાથે કઈ રીતે જોડાઈ જવું તે માટેની જીવન જીવવાની પધ્ધતિ વિશે વ્યસન મુક્તિ વિશેની વાત બંને મહંતો દ્વારા કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેદીઓના સાથ સહકારથી કરવામાં આવ્યું કાર્યક્રમની શરૂઆત ગાંધીજીને સુતરની આંટી પહેરાવી વૈષ્ણવજન તો તેને રે કહીએ યાદ દેવડાવીને કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કેદીઓએ એક વર્ષમાં વ્યસન છોડી દેવાની વાત કરી. ત્યારે જાયન્સ




ઉપપ્રમુખ દ્વારા જો આ કેદીઓ વ્યસન છોડશે તો તેમનું જાહેરમાં સન્માન કરવાનું કહેવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી, નિકેશ પરમાર અને જાયન્ટસ મિત્રો હાજર રહ્યા હતા.

# ખેડબ્રહ્મા શહેરમાં સેવા સેતુ કાર્યકર્મ યોજાયો



ખેડબ્રહ્મા, તા.૨૯

ખેડબ્રહ્મા ખાતે શહેરી વિસ્તારનો સેવા સેતુ કાર્યકર્મ નગરપાલિકા સંચાલિત સ્વામિ વિવેકાનંદ કૉમ્યુનિટી હોલમાં યોજાયો હતો જેમાં શહેરના લાભાર્થીઓએ લાભ લીધો હતો

સેવા સેતુમાં સરકાર ધ્વારા લોકોને આવકના દાખલા, જાતિના દાખલા, નોન ક્રિમિલિયર, મા-કાર્ડ, જેવા દાખલા તથા ઉજ્જવલા યોજના અને બીજી યોજનાઓનો લાભ એક જ જગ્યાએ જ મળી રહે તે માટે સેવા સેતુ યોજવામાં આવે છે. ખેડબ્રહ્મા સેવા સેતુમાં મામલતદાર જી. ડી. ગમાર, નાયબ મામલતદાર હેમેન્દ્રસિંહ, ચીફ ઓફિસર લોઢાવાલા નગરપાલિકા એસ. ઓ. સેનેટરી ઈન્સ્પેકટર નરેન્દ્રસિંહ પરમાર, નગરપાલિકાના સદસ્યો હજાર રહ્યા હતા.

# દૂધ ઉત્પાદકોને ફટકો : દૂધના ભાવમાં ઘટાડો કરવાનો નિર્ણય

**૧લી ઓક્ટોબરથી ભેંસના દૂધના ભાવ રૂ. ૬૦૦ અને ગાયના દૂધના ભાવમાં રૂ. ૨૬૩.૬૦ પૈસા ચુકવાશે : દૂધ ઉત્પાદકોના ભોગે સાબર ડેરીને બચાવવાના પેતરાથી દૂધ ઉત્પાદકોમાં નારાજગી : ૪૬ દિવસમાં સાબર ડેરીએ બીજી વખત ભાવ ઘટાડો કર્યો**

હિંમતનગર, તા. ૨૯

ગુજરાતમાં પશુપાલન અને દૂધના વ્યવસાય સાથે સંકળાયેલા પશુપાલકો તથા ખેડૂતોના માથે પનોતી બેઠી હોય તેમ લાગી રહ્યુ છે. ત્યારે દૂધનો ધંધો ખોટવાળો સાબિત થઈ રહ્યો છે. સાબરડેરીએ ૪૬ દિવસમાં બીજી વખત દૂધના ભાવમાં ઘટાડો કરીને જાણે કે દૂધ ઉત્પાદકો પર કઠુરાઘાત કર્યો છે. ત્યારે આગામી ૧ ઓક્ટોબરથી સાબરકાંઠા અને અરવલ્લીના દૂધ ઉત્પાદકોને ભેંસના દૂધનો કિલોફેંટનો ભાવ રૂ. ૬૨૦ ને બદલે રૂ. ૬૦૦ જ્યારે ગાયનો દૂધનો ભાવ પ્રતિ કિલો ફેંટનો રૂ. ૨૮૦ને બદલે રૂ. ૨૬૩.૬૦ પૈસા મુજબ ચુકવાશે. જોકે ડેરી સત્તાવાળાઓનો આ નિર્ણય દૂધ ઉત્પાદકો માટે કઠુરાઘાત સમાન સાબિત થાય તો નવાઈ નહીં.

આ અંગેની વિગત એવી છે કે સાબરડેરી દ્વારા બંને જિલ્લામાંથી રોજનું અંદાજે ૨૫ લાખ લિટરથી વધુ દૂધનું સંપાદન કરવામાં આવે છે ત્યારે છેલ્લા કેટલાક સમયથી દૂધના વ્યવસાયમાં આવેલી વૈશ્વિક મંદીને લીધે દૂધના વ્યવસાયની ચમક ઓછી થઈ રહી છે. જેને કારણભુત ગણીને સાબરડેરીની કસ્ટોડીયન કમીટીએ સાબરડેરીને બચાવવાના આશયથી દૂધ ઉત્પાદકોને ભલે નુકસાન થાય તેની ચિંતા કર્યા વગર ૪૬ દિવસ અગાઉ ગાય અને ભેંસના દૂધના ભાવમાં ઘટાડો કર્યો હતો. જેના કારણે સાબરકાંઠામાં તેના પ્રત્યાઘાત પડ્યા હતા.

દરમ્યાન ફરીથી એટલે કે આગામી તા. ૧ ઓક્ટોબર ૨૦૧૮થી દૂધના ભાવમાં ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. જે મુજબ ભેંસના દૂધનો કિલો ફેટનો ભાવ રૂ. ૬૨૦ ને બદલે રૂ. ૬૦૦ તથા ગાયના દૂધનો ભાવ રૂ. ૨૮૦ ને બદલે રૂ. ૨૬૩.૬૦ પૈસા ચુકવાશે. જેના કારણે પશુપાલનનો વ્યવસાય કરતા પશુપાલકો પર નુકસાનીનો માર પડશે. આ અંગે સાબરકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળી એસોસિએશનના પ્રમુખ મહેન્દ્રભાઈ જે. પટેલે રોષ ઠાલવતા જણાવ્યુ હતુ કે સાબરડેરીને બચાવવા માટે કસ્ટોડીયન કમીટીના હોદ્દેદારોએ દૂધ ઉત્પાદકોની ચિંતા કર્યા વિના ભાવ ઘટાડાનો જે નિર્ણય કર્યો છે તેના કારણે સાબરકાંઠા અને અરવલ્લીના અંદાજે ૫ લાખથી વધુ દૂધ ઉત્પાદકોનું બજેટ ખોરવી જશે તથા તેમના આર્થિક વ્યવહારો પર ખરાબ અસરો પડ્યા વિના રહેશે નહી. વધુમાં આક્ષેપ કરતા તેમણે ઉમેર્યુ હતુ કે જો ભવિષ્યમાં ભાવ ઘટાડાનું ચક્ર ચાલુ રહેશે તો બિચારા દૂધ ઉત્પાદકોને આંગણે ઢોર રાખવાનું બંધ કરી દેવું પડશે. કારણ કે ખોટનો દંધો પરવડે તેમ નથી.

# પ્રાંતિજના બોરીયા સીતવાડામાં પંચાયતના સદસ્ય દ્વારા લીલાં વુક્ષોનુ છેદન કરાતાં ફરીયાદ

**સરપંચ દ્વારા જ સદસ્ય વિરૂધ્ધ આઠ જગ્યાએ ફરીયાદ કરી : મામલતદાર તથા સર્કલ ઓફિસર દ્વારા સ્થળ તપાસ થઈ : જેની જવાબદારી છે તે જવાબદાર તંત્ર ઘોર નિદ્રામાં**

પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના બોરીયા સીતવાડામા પંચાયતની જગ્યામાં આવેલ વુક્ષોનું સરેઆમ પંચાયત સદસ્ય દ્વારા છેદન થતાં સરપંચ દ્વારા પંચાયતના સદસ્ય સામે આઠ જગ્યાએ લેખિતમાં ફરીયાદ કરી.

પ્રાંતિજ ના સીતવાડા ખાતે આવેલ બ્રહ્માણી માતાજીના મંદિર પાસે આવેલ સરકારી ખરાબો તથા ગામ પંચાયતની માલિકીના સરકારી પડતર અને બોરીયાઈવાળું તળાવ સ.ન.નં- ૫૬૯માં આવેલ લીલાં વુક્ષો જે પંચાયતની માલિકીમા વગર પાસ કે પરવાનગી સિવાય ગામના જ અને પંચાયત સદસ્ય રામસિંહ કાનસિંહ રાઠોડ લીલાં વુક્ષો કપાવતા હોઈ અને તેવો પોતે પંચાયતના જવાબદાર વ્યકિત હોવા છતાં સરકારી માલ મિલકતનો દુર ઉપયોગ કરી પોતે વૃક્ષોનુ છેદન કરાતા સીતવાડાગામનાંસરપંચ રાઠોડ રામબા રણજીતસિંહ દ્વારા આ અંગેની ફરીયાદ પ્રાંતિજ મામલતદાર, પ્રાંતિજ પોલિસ સ્ટેશન સહિત જવાબદાર વન અધિકારીઓ સહિત કુલ-આઠ જગ્યાએ ફરીયાદ કરવામાં આવી છે. તો પ્રાંતિજ મામલતદાર તથા સર્કલ ઓફિસર દ્વારા સ્થળ ઉપર જઈને તપાસ હાથ ધરી છે. તો જેની જવાબદારી છે તે જવાબદાર તંત્ર હાલતો ઘેર નિંદ્રામાં હોય તેવું જણાઈ આવેછે. ત્યાંરે હવે તપાસ બાદ સદસ્ય દ્વારા કરવામાં આવેલ વૃક્ષ છેદન પ્રવૃત્તિને લઈને તંત્ર દ્વારા પંચાયત સદસ્ય સામે શું પગલાં લેવાશે એ તો હવે જોવું રહ્યું.

# સાબરડેરી ખાતે ભાજપની જિલ્લા કારોબારી બેઠક યોજાઈ

### લોકસભાની ચૂંટણીનો ધમધમાટ શરૂ



હિંમતનગર, તા. ૨૯

દિવાળી બાદ લોકસભાની ચૂંટણી યોજાનાર છે. ત્યારે અત્યારથી સાબરકાંઠામાં તેનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ત્યારે શનિવારે હિંમતનગરની સાબરડેરી ખાતે જિલ્લા ભાજપની બેઠક યોજાઈ હતી. જેમાં મંત્રીઓ અને પ્રદેશ પ્રમુખે ઉપસ્થિત રહી કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું. આ અંગે જિલ્લા ભાજપના પ્રમુખ જે.ડી. પટેલે જણાવ્યુ હતુ કે દિવાળી બાદ લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે કાર્યકરોએ અત્યારથી પ્રજા પાસે જઈને સરકારની સિદ્ધિઓ અને વિવિધ યોજનાઓ અંગે જાણકારી આપીને જાગૃતિ લાવવી પડશે. આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી તથા અન્ય મંત્રીઓએ કોંગ્રેસ પર પ્રહારો કરીને જણાવ્યું હતું કે ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ માટે કોંગ્રેસે કરેલા નિવેદનોને વખોડવા જોઈએ તેઓ ભુતકાળમાં અને આજે પણ તેઓ મહાન છે. કોંગ્રેસે તેમની સાથે ભુતકાળમાં કરેલા અન્યાય અને વિરોધને આજે પણ લોકો ભુલ્યા નથી. આ બેઠકમાં સાબરકાંઠા તથા અરવલ્લીના ભાજપના કારોબારીના સભ્યોની ઉપસ્થિતિમાં લોકસભાની ચૂંટણી સંદર્ભે માઈક્રો પ્લાનીંગ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને અત્યારથી જ કાર્યકરોને કામે લાગી જવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

### મોડાસાના ડુઘરવાડા ગામે ગ્રામ પંચાયતના

# પૂર્વ સત્તાધીશો દ્વારા વિકાસના કામોમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ

મોડાસા, તા.૨૯

અરવલ્લી જીલ્લામાં વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર થતો હોવાની બૂમો વચ્ચે મોડાસા તાલુકાના ડુઘરવાડા ગામે ગ્રામ પંચાયતના અગાઉના સત્તાધીશો દ્વારા વિકાસના કામોમાં ભારે ભ્રષ્ટાચારની સાથે ગ્રામ પંચાયતના કેટલાય હિસાબોમાં ગોટાળો હોવાનો અને વિકાસની ગ્રાન્ટ મનફાવે તેમ વાપરી સત્તાધીશોએ ગ્રાન્ટનો દૂર ઉપયોગ કરી તેમના વિસ્તારો અને ખેતરોમાં પણ આરસીસી રોડ બનાવી દીધા હોવા અંગે અને વિકાસના કાર્યોમાં થયેલા ભ્રષ્ટાચાર અંગે જીલ્લા વિકાસ અધિકારી સહીતના ઉચ્ચ અધિકારીઓને આવેદનપત્ર આપવા છતાં કોઈજ




કાર્યવાહી ન થતા શનિવારે મોટી સંખ્યામાં ડુઘરવાડા અગ્રણીઓ અને મહિલાઓ સહીત સત્તાધીશો રેલી સ્વરૂપે જીલ્લા કલેકટર કચેરી ખાતે પહોંચી વિવિધ વિકાસના કામોમાં થયેલા ભ્રષ્ટાચાર ના બેનરો પ્રદર્શિત કરી અધિક.કલેક્ટર આર. જે. વલવી ને આવેદનપત્ર આપી ડુઘરવાડા ગામે અગાઉના સત્તાધીશો દ્વારા વિકાસની ગ્રાન્ટોમાં થયેલા ભ્ર્ષ્ટાચાર ની તપાસ કરવાની માંગ કરી હતી.

# નવમું ધોરણ નાપાસ કાણોદરના ખેડૂતે ભારતનું ખાતર ફેદવાનું સૌ પ્રથમ મશીન બનાવ્યું




પાલનપુર

પાલનપુર તાલુકાના કાણોદર ગામના ખેડૂતે સરળ ખેતી માટે નવી ટેકનોલોજીની શોધ કરી ભારતનું પ્રથમ ખેતી લાયક મશીન તૈયાર કર્યું છે. ધોરણ નવમા નાપાસ થયેલા આસિકભાઈ ગની ને ખેતીક્ષેત્રે ટેકનોલોજીના સાધનો તૈયાર કરવાનો અનોખો શોખ છે. ૨ વર્ષની સખત મહેનત બાદ તેમને છાણીયા ખાતર ફેદવાનુ રિમોર્ટ ચાલનું ટ્રોલી સાથેનું અદ્યતન ટેકનોલોજી સાથેનું મશીન તૈયાર કર્યું છે. ખાતર, પૈસા, લેબર અને સમયનો બચાવ કરતા છાણીયા ખાતર ફેદવાનુ મશીન એક વિઘા જમીનમાં માત્ર ૧૨ જ મિનિટમાં કામ પૂરું કરી દે છે. ઓટોમેટિક સિસ્ટમ થી કામ કરતા ખાતર ફેદવાના મશીનમાં માત્ર એકજ ટ્રેકટર ચાલકની જરૂર પડે છે. હાલમાં કાણોદરના આસપાસના ખેડૂતો આ અદ્યતન ટેકનોલોજી સાથેના છાણીયા ખાતર ફેદવાના મશીનનો ઉપયોગ કરી રહ્યા છે.

ધોરણ ૯ મા નાપાસ થેયલા આસિકભાઈ ગની નામના ખેડૂતને નાનપણથી જ ખેતી અને ખેતી માટેની નવી ટેકનોલોજી શોધવાનો શોખ ધરાવતા હતા. અગાઉ પણ ફેલ થયેલા બોરની પાઈપલાઈન જમીનમાંથી બહાર નિકાળવાની સફળ ટેકનોલોજી સાથેનું પણ મશીન શોધ્યું હતું. મિકેનિકલ એન્જીનીયરો જેવી ડિગ્રી ધરાવતા આ માઈન્ડ પાવર ખેડૂત આસિકભાઈ નીખેતી ટેકનોલોજીની શોધ ક્રાંતિ પણ કમ નથી. તેમને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી ને આ ખેતીના મશીન ના શોધ અંગે ટ્વીટર અને મેઈલના માધ્યમ દ્વારા જાણકારી પણ આપી છે. મીડિયા સાથેની વાતચીતમાં સરળ ખેતી માટે આધુનિક મશીન બનાવનાર આસિકભાઈ ગનીએ જણાવ્યું હતું કે છાણીયા ખાતર ફેદવાનું આ મશીન ભારતમાં સૌ પ્રથમવાર મે બનાવ્યું છે જોકે સરકાર કોઈ મદદ કરે તો ખેડૂતો માટે આ મશીન ખુબજ ફાયદાકારક નીવડી શકે એમ છે.

# અરવલ્લી જિલ્લા તલાટી મંડળ સામુહિક રજા પર ઉતરી ધરણા પ્રદર્શન યોજ્યું



મોડાસા, તા.૨૯

અરવલ્લી જીલ્લા તલાટી મંડળ દ્વારા તેમની વિવિધ પડતર માંગણીઓ લઈને અગાઉ કાળી રીબીન ધારણ કરી તાલુકા વિકાસ અધિકારીને આવેદન પત્ર આપ્યા બાદ એક દિવસ પેન ડાઉન કરી વિરોધ નોંધાવ્યો પછી શનિવારે જીલ્લાભરના તલાટી સામુહિક રજા પર ઉતરી મોડાસા તાલુકા પંચાયત આગળ ધરણા પ્રદર્શન યોજી વિવિધ પડતર માંગણીઓ નું નિરાકરણ નહિ આવે તો સમગ્ર ગુજરાતમાં તલાટી કર્મચારીઓ દ્વારા ૨ જી ઓક્ટોમ્બર થી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે ની ચીમકી ઉચ્ચારી હતી સરકાર તલાટીઓની માંગણીઓ સંતોષતી ન હોવાનો આક્ષેપ લગાવાની સાથે રેવન્યુ તલાટી અને પંચાયત તલાટીની કેડર અલગ કરવા ની અને ૧ થી આ૧૮ નમુના રેવન્યુ કેડર ને સોંપવા ની પણ માંગ કરી હતી.

# પુંસરી ગામે ૬૦ દેશના ૧૩૮ ડેલીગેટ્સ પહોંચશે

### ૬૦ દેશના ૧૩૮ ડેલીગેટ્સ સ્વચ્છતા-સેનીટેશનની કામગીરી નિહાળવા ગુજરાતની એક દિવસીય મુલાકાતે

કેન્દ્ર સરકારના પેય જળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા નવી દિલ્હી ખાતે તા. ૨૯ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર-૨૦૧૮ દરમિયાન યોજાઈ રહેલ મહાત્મા ગાંધી ઈન્ટરનેશલન સેનીટેશન કન્વેન્શન કાર્યક્રમમાં ભાગ લેવા આવેલ ૬૦ દેશના ૧૩૮ ડેલીગેટ્સનું ઉચ્ચકક્ષાનું પ્રતિનિધિ મંડળ તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યું છે. જેમાં ગુજરાતમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત થયેલી કામગીરીને આ ડેલીગેશન પ્રત્યક્ષ નિહાળશે.

આ વિદેશી ડેલીગેશનની ગુજરાત મુલાકાત સંદર્ભે વધુ વિગતો આપતાં શ્રીમતી ખંધારે ઉમેર્યુ કે, આ પ્રતિનિધિ મંડળમાં ઉઝબેકિસ્તાનના નાયબ વડાપ્રધાન શ્રીયુત સુખરોબ ખોલમુરાદો સહિત વિવિધ ૪૬ દેશોના મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહેશે. જેમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભુતાન, બોલિવિયા, કંબોડિયા, ચાડ, કોસ્ટારિકા, ઈથોપિયા, ઘાના, ગુયેના, કેન્યા, કીરીબાકી, માલદીવ, માલ્ટા, માંગોલિયા, મોરોક્કો, મોઝામ્બિક, મ્યાનમાંર, નેપાળ, નાઈજર, પેરુ, દક્ષિણ સુદાન, શ્રીલંકા, સુદાન, તાન્ઝાનિયા, તઝાકિસ્તાન, થાઈલેન્ડ, તુર્કમેનિસ્તાન, યુગાન્ડા, ઉઝબેકિસ્તાન, વિયેતનામ, ઝામ્બિયા, માલી, લાઈબેરિયા, ઈજીપ્ત, અંગલા, મડાગાસ્કર, હૈતિ, જોર્ડન અને સિંગાપુર જેવા ૬૦ દેશોના મંત્રીશ્રીઓ અને પ્રતિનિધિઓ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે.



દેશના શ્રેષ્ઠ ગામ તરીકેનું બિરુદ મેળવનાર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના પુંસરી ગામે ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે ત્યારે આ ગામની મુલાકાત પણ ડેલીગેશન લેનાર છે. ગામમાં સેનીટેશનની વ્યવસ્થા, વ્યક્તિગત સામૂહિક શૌચાલય અને મોબાઈલ શૌચાલય, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, શાળામાં કાર્યરત જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અને પ્રજ્ઞા પ્રોજેકટ, પ્રધાન મંત્રી આવાસ યોજનાના આવાસો, સીસીટીવી, વહીવટી વ્યવસ્થા, આર.ઓ.પ્લાન્ટ, આંતરિક બસ વ્યવસ્થા, ડીજીટલ લાયબ્રેરી, સિંગલ ખેડૂત સિસ્ટમ જેવી સંખ્યાબંધ સુવિધાઓનો અભ્યાસ કરશે, તેમ શ્રીમતી મોના ખંધારે કહ્યું હતું.